# પાલનપુર પાલિકામાં પુનરાવર્તન ભાજપનો ભગવો લહેરાયો

## ભાજપને ૨૩ અને કોંગ્રેસની ૨૧ બેઠક પર જીત

પાલનપુર, તા. ૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ આવતા લોકોની આતુરતાનો અંત આવ્યો છે. ગતરોજ પાલનપુર - અમદાવાદ હાઈવે જગાણા આવેલી સરકારી એન્જિનીયર કૉલેજ ખાતે પાલનપુર નગરપાલિકાની ૧૧ વોર્ડની મત ગણતરી સવારે ૯ વાગે હાથ ધરવામાં આવી હતી.

મતગણતરીની શરૂઆત વોર્ડ નં. ૧માં ભાજપની પેનલનો વિજય પરિણામ જાહેર થતાં ભાજપમાં જીતની આશા બંધાઈ હતી. જોકે એક સમય ભાજપ અને કોંગ્રેસ બંને ને ૧૮ - ૧૮ બેઠક પર બરાબરી થતા બંને પક્ષોમાં સત્તા માટે મૂંઝવણની સ્થિતિમાં મૂકાયા હતા. જોકે મતગણતરીની છેલ્લી ઘડી સુધી ભાજપ અને કોંગ્રેસમાં મતગણતરીના પરિણામો રસાકસીભર્યા બન્યા હતા. જોકે છેલ્લે ૨૨ ભાજપ અને ૨૨ કોંગ્રેસને બેઠક મળતા ટાઈની પરિસ્થિતિમાં બન્ને પક્ષો મુકાઈ ગયા હતા.



જોકે વોર્ડ નં. ૧૧માં ગણેશપુરાના એક બેઠક પર નવેસરથી મતોની ગણતરી કરતા ગીરીશભાઈ કાંતિભાઈ પરમાર સામાન્ય બેઠક પર જીતી જતા ભાજપની ૨૩ બેઠક પ્રાપ્ત થઈ હતી. જ્યારે કોંગ્રેસને ૨૧ બેઠક પર જીતના પરિણામ જાહેર થતાં આખરે ભાજપ પક્ષમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ વખતે પાલિકાની ચૂંટણીમાં ભાજપે ૧૨ નગરસેવકોને રીપીટ કર્યા હતા. જેમાંથી ૩ ઉમેદવારોની કારમી હાર થવા પામી હતી તેમજ ૯ ઉમેદવારોએ જીત હાંસલ કરી હતી. જો એક વર્તમાન પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારની જીત થવા પામી હતી તેમજ પૂર્વ પાલિકા પ્રમુખ હર્ષા મહેશ્વરીની કારમી હાર થવા પામી હતી.

જોકે આ જીતને ભાજપના પદાધિકારીઓએ પાલનપુર પાલિકાની જીતને વિકાસના કામોની જીત ગણાવી હતી.

### ઈબ્રાહીમભાઈ મલેક સતત ૭મી વાર નગરસેવક તરીકે ચૂંટાયા

પાલનપુર શહેરના લઘુમતી વિસ્તારમાં છેલ્લા ૬ ટર્મથી કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટણી લડી ૩૦ વર્ષથી આ વિસ્તારમાં પાલિકાના નગરસેવક તરીકે લોકોના વિકાસના કામોમાં હંમેશા અગ્રેસર રહેતા ઈબ્રાહીમભાઈ મલેક સતત ૭મી વાર પાલિકાની ચૂંટણીમાં જીત હાંસલ કરતા સ્થાનિક લોકો તેમજ ટેકેદારોમાં ખુશીનો માહોલ સર્જાયો છે. જોકે ઈબ્રાહીમભાઈ મલેકને ૪૧૬૨ મત મેળ્યા હતા જે પાલનપુર પાલિકામાં જીતેલા ઉમેદવારોમાંથી સૌથી વધુ મત ગણાયા હતા.

# હિંમતનગર પાલિકામાં પુનરાવર્તન ૩૬માંથી ૨૭ ભાજપના ફાળે

હિંમતનગર, તા. ૨

હિંમતનગર પાલિકાની ૩૬ બેઠક માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ બુધવારે જાહેર થયું હતું. જેમાં શહેરી મતદારોએ ફરીથી ભાજપને સત્તા સ્થાને બેસાડ્યું છે. વર્ષ ૨૦૧૫માં યોજાયેલ નગરપાલિકાની આ ચૂંટણીમાં ભાજપને ૩૬માંથી ૨૭ બેઠકો મળી છે. જ્યારે કોંગ્રેસને ૯ બેઠક મળી છે. જોકે આ વખતે બે વોર્ડને બાદ કરતા ભાજપની પેનલને મતદારોએ મત આપ્યા છે.

**મોટાભાગના વોર્ડમાં ભાજપની પેનલ વિજયી : ગત ચૂંટણી કરતાં કોંગ્રેસની બેઠકો વધી**

હિંમતનગર પાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠક માટે યોજાયેલ મતદાન ૬૬.૭૫ ટકા થયું હતું. જે અંતર્ગત બુધવારે હિંમતનગરની પોલીટેકનીક કૉલેજ ખાતે હાથ ધરાયેલ મતગણતરી બાદ શરૂઆતથી જ ભાજપે વિજયકૂચ શરૂ કરી હતી. જે અંતર્ગત વોર્ડ નં. ૧, ૨, ૪, ૬, ૮ અને ૯માં ભાજપની પેનલ વિજયી બની હતી. જ્યારે વોર્ડ નં. ૩માં કોંગ્રેસની પેનલ વિજયી બની હતી.

પરિણામો ઉપરથી એવું લાગે છે કે શહેરી વિસ્તારમાં પાટીદાર અનામત આંદોલનની તથા હૂડાની કોઈ અસરો જણાઈ નથી. ઉલ્લેખનીય છે કે ચૂંટણી અગાઉ રાજ્ય સરકાર દ્વારા હૂડા રદ્દ કરવા માટે જાહેરાત કરાઈ હતી. પરંતુ તેમાં સત્તાવાર રીતે રદ્દનું જાહેરનામું પ્રસિદ્ધ થયું નથી. તેમ છતાં શહેરી વિસ્તારના મતદારોએ ભાજપને વિજયની વરમાળા પહેરાવીને ફરીથી સત્તા સ્થાને બેસી શકાય તેટલી બહુમતી આપી દીધી છે.

નગરપાલિકાના પરિણામોનું રાજકીય નિષ્ણાંતોએ વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે, પાલિકાના વોર્ડ નં. ૧, ૨, ૫, ૬, ૮ અને ૯માં ભાજપની પેનલ વિજયી બની છે. જ્યારે સામે પક્ષે વોર્ડ નં. ૩માં કોંગ્રેસની પેનલ વિજયી બની છે તો બીજી તરફ વોર્ડ નં. ૪માં ભાજપને ૧ અને કોંગ્રેસને ૩ બેઠક તે જ પ્રમાણે વોર્ડ નં. ૭માં ભાજપ અને કોંગ્રેસને ૨ બેઠક મળી છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયત કોંગ્રેસને ફાળે

હિંમતનગર, તા. ૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન બાદ બુધવારે જિલ્લાના આઠ તાલુકા મથકે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠક હિંમતનગર નગરપાલિકાની હિંમતનગરમાં સરકારી પોલીટેકનીક કૉલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયતની ૩૬ બેઠકમાંથી ૨૯ બેઠક પર કોંગ્રેસ અને ભાજપ ૭ બેઠક પર વિજયી થયા હતા. જેથી કોંગ્રેસને બહુમતી મળી હતી, તો જિલ્લાની આઠ તાલુકામાં પણ પ્રજાએ કોંગ્રેસ પર વિશ્વાસ મુક્યો હતો. સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકા પંચાયતની ૧૭૨ બેઠક પર ૩૯૩ ઉમેદવારોમાંથી ૧૦૭ કોંગ્રેસના, ૬૨ ભાજપના અને ૩ અપક્ષ ઉમેદવારો વિજયી થયા હતા. પરંતુ જિલ્લાની આઠ તાલુકા પંચાયતમાં કોંગ્રેસે સત્તા મેળવી હતી. હિંમતનગર તાલુકા પંચાયતમાં ૩૦ બેઠકમાંથી કોંગ્રેસની ૧૭ ભાજપને ૧૨, ઈડર તાલુકા પંચાયતમાં ૨૮ બેઠકમાંથી કોંગ્રેસની ૧૭ અને ભાજપ ૧૧, વડાલી તાલુકા પંચાયતમાં ૧૬ બેઠકમાંથી કોંગ્રેસની ૧૧ અને ભાજપને ૪ અને અપક્ષને ૧, તલોદ તાલુકા પંચાયતમાં ૨૦ બેઠકમાંથી કોંગ્રેસની ૧૧ અને ભાજપને ૯, પોશીના તાલુકા પંચાયતમાં ૨૦ બેઠકમાંથી કોંગ્રેસની ૧૨ અને ભાજપને ૮, પ્રાંતિજ તાલુકા પંચાયતમાં ૨૦ બેઠકમાંથી કોંગ્રેસની ૧૨ અને ભાજપને ૭ અને અપક્ષને ૧, વિજયનગર તાલુકા પંચાયતમાં ૧૮ બેઠકમાંથી કોંગ્રેસની ૧૪ અને ભાજપને ૪ અને ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં ૨૦ બેઠકમાંથી કોંગ્રેસની ૧૩ અને ભાજપને ૭ બેઠકો મળી હતી.

## કઈ તાલુકા પંચાયતમાં ક્યા પક્ષને કેટલી બેઠકો

| તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૩૦ | ૧૨ | ૧૭ | ૧ |
| ઈડર | ૨૮ | ૧૧ | ૧૭ | - |
| વડાલી | ૧૬ | ૪ | ૧૧ | ૧ |
| ખેડબ્રહ્મા | ૨૦ | ૭ | ૧૩ | - |
| વિજયનગર | ૧૮ | ૪ | ૧૪ | - |
| પોશીના | ૨૦ | ૮ | ૧૨ | - |
| પ્રાંતિજ | ૨૦ | ૭ | ૧૨ | ૧ |
| તલોદ | ૨૦ | ૯ | ૧૧ | - |

# ખેડબ્રહ્મા તાલુકા પંચાયત ૧૫ વર્ષે કોંગ્રેસે કબજે કરી : ભાજપના દિગ્ગજ નેતાઓની હાર

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની ૨૦ સીટો અને જીલ્લા પંચાયતની ૪ સીટો માટેની મતગણતરી



ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલના હોલમાં યોજાઈ હતી. સવારથી જ ઉમેદવારો અને ટેકેદારો ઉમટી પડ્યા હતા. સવારે પહેલી ચાર સીટો પર ભાજપ જીતતા કાર્યક્રમોમાં આનંદ ફેલાઈ ગયો હતો. પરંતુ ત્યાર બાદ કોંગ્રેસે સપાટો બોલાવતા ભાજપના ખેમામાં સોપો પડી ગયો હતો.

જિલ્લા પંચાયતની આગીયા, પાટડીયા ઓછા મારજીનથી તો લક્ષ્મીપુરા અને ખેડવા મોટા મારજીનથી જીતી હતી. જ્યારે તાલુકા પંચાયતના નાકા સીટ પર અળખાભાઈ અમરતભાઈ ઓડીયા ભાજપના ઉમેદવાર ફક્ત ત્રણ વોટથી જીતતા તેમના હરીફ ઉમેદવાર જયરામભાઈ પુજાભાઈ ખાંટે ફરી મતગણતરી કરાવી હતી.

આ ઉપરાંત તાલુકા પંચાયત પ્રમુખ, ઉપ પ્રમુખ સહીત જિલ્લા પંચાયતના દિગ્ગજ નેતા હારી ગયા હતા. જીત થયા બાદ જીતેલા ઉમેદવારોને કાર્યકરોએ ખભા ઉપર ઉંચકી લઈ અબીલ ગુલાલની છોળો ઉડાળી હતી. શેઠ કે.ટી. હાઈસ્કૂલથી વિજય સરઘસ નીકાળી તાલુકા પંચાયત પહોંચ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જનકસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે લોકોએ ભાજપના ભ્રષ્ટાચારને જાકારો આપી અમને વિજયી બનાવ્યા છે.

## સાબરકાંઠા જિલ્લા પંચાયતની ખેડબ્રહ્મા બેઠકના હરીફ ઉમેદવારો

1. આગીયા અનુબેન પટેલ (કોંગ્રેસ) જીત્યા
2. ખેડવા ચંદ્રિકાબેન બુબડીયા (કોંગ્રેસ) જિત્યા
3. લક્ષ્મીપુરા આનંદભાઈ લેબોલા (કોંગ્રેસ) જિત્યા
4. પાટડીયા નેતાભાઈ નેતાભાઈ સોલંકી (કોંગ્રેસ) જિત્યા
5. આગીયા લક્ષ્મીબેન પટેલ (ભાજપ) હાર્યા
6. ખેડવા શર્મિલાબેન ડામોર (ભાજપ) હાર્યા
7. લક્ષ્મીપુરા શંકરભાઈ બેગડીયા (ભાજપ) હાર્યા
8. પાટડીયા ભોજાભાઈ મકવાણા (ભાજપ) હાર્યા

## ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી

| | | |
|---|---|---|
| આગીયા | લીલાબેન પટેલ | ભાજપ |
| બહેડીયા | સવીબેન તરાર | કોંગ્રેસ |
| બોડીયાનુતળાવ | હારકીબેન સોલંકી | કોંગ્રેસ |
| દિગ્થલી | કહેરીબેન ખૈર | કોંગ્રેસ |
| ગાડુ | ડાહ્યાભાઈ પરમાર | ભાજપ |
| જાડીસેબલ | લખાભાઈ ખોખરીયા | કોંગ્રેસ |
| ખેડવા | રામાભાઈ ગમાર | કોંગ્રેસ |
| લક્ષ્મીપુરા | રોહિતભાઈ પટેલ | કોંગ્રેસ |
| મિઠીબીલી | ગજરીબેન તરાર | કોંગ્રેસ |
| નાકા | અળખાભાઈ ઓરીયા | ભાજપ |
| નવામોટા | કુંવરબેન ગમાર | કોંગ્રેસ |
| પાદરડી | લક્ષ્મીબેન પટેલ | ભાજપ |
| પઢોરા | સોમતીબેન નીનામા | કોંગ્રેસ |
| પરોયા | દિવાળીબેન ઓડીયા | ભાજપ |
| પાટડીયા | શીવાભાઈ પરમાર | ભાજપ |
| પીપોદરા | કશ્નાભાઈ ડાભી | કોંગ્રેસ |
| રતનપુર | અંકિતકુમાર બેગડીયા | ભાજપ |
| ઉંચીધનાલ | કનુભાઈ પટેલ | કોંગ્રેસ |
| વાલરણ | ભમરસિંહ ચંદાવત | કોંગ્રેસ |
| ઝાંઝવાપાણાઈ | સુમિત્રાબેન પારગી | કોંગ્રેસ |

# અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ ચેતન રાવલે રાજીનામું આપ્યું

## હાઈકમાન્ડે રાત સુધી રાવલનું રાજીનામું સ્વિકાર્યું નહતું, કોંગ્રેસના અન્ય શહેર પ્રમુખ પણ રાજીનામું આપી શકે

અમદાવાદ, તા. ૨

રાજ્યની મહાનગર પાલિકા, જિલ્લા તાલુકા પંચાયતો તથા નગરપાલિકાઓની ચુંટણીના આજે જાહેર થયેલા પરિણામના સ્વરૂપે અમદાવાદ મહાનગરપાલિકામાં કોંગ્રેસનો પરાજય થતાં કોંગ્રેસના શહેર પ્રમુખ ચેતન રાવલે પરાજયની જવાબદારી સ્વિકારી તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

રાજ્યની છ મહાનગરપાલિકાઓમાં ભાજપે સત્તા પુનઃ જાળવી રાખી છે. ૨૦૧૦માં પણ આ તમામ છ મહાનગરપાલિકામાં ભાજપનો શાનદાર વિજય થયો હતો. જ્યારે ૨૦૧૫ના પરિણામોમાં પણ ભાજપે છ મહાનગરપાલિકામાં વિજય મેળવ્યો છે.

રાજ્યમાં જે રીતે ભાજપના વિરોધમાં રોષ ફેલાયો હતો અને તેના પ્રત્યાઘાતરૂપે કોંગ્રેસ તરફ ખાસ કરીને પાટીદારોનો ઝોક વધ્યો હતો. તે જોતા એવું લાગતું હતું કે અમદાવાદ જેવા સંવેદનશીલ શહેરોમાં ભાજપ તેની સત્તા ગુમાવશે અને ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાઓમાં ભાજપ સત્તાથી વંચિત રહેશે તેવું ચુંટણી પૂર્વે ચિત્ર સર્જાયું હતું.

પરંતુ ચુંટણી પરિણામોમાં તમામ છ મહાનગરપાલિકાઓમાં ભાજપે સત્તા મેળવી છે. જ્યારે જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં ભાજપનો કરુણ રકાસ થયો છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં કોંગ્રેસના કારમા પરાજયની જવાબદારી સ્વિકારી કોંગ્રેસના શહેર પ્રમુખ ચેતન રાવલે આજે શહેર પ્રમુખ પદેથી તેમનું રાજીનામું પક્ષના હાઈકમાન્ડને ધરી દીધું છે. જોકે, રાત સુધી તેમના રાજીનામાનો સ્વિકાર કરવામાં આવ્યો નથી. પરંતુ ચેતન રાવલે રાજીનામું આપવાની જે પ્રથા ઉભી કરી છે તેના પગલે અન્ય મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસના પરાજયના પગલે સ્થાનિક શહેર પ્રમુખો પણ આવતીકાલ સુધીમાં તેમના રાજીનામા નૈતિક્તાના ધોરણે આપી દેશે તેમ કોંગ્રેસના સુત્રો જણાવી રહ્યા છે.

# હવે વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપના કપરા ચઢાણ

રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત, ૫૬ નગરપાલિકા અને ૬ મહાનગર-પાલિકાઓની તાજેતરમાં યોજાયેલી ચુંટણીના આજે જાહેર થયેલા પરિણામ ભાજપ માટે આંચકાજનક રહ્યા હતા. જ્યારે કોંગ્રેસમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. રાજ્યના મતદારોએ તેમના અભૂતપૂર્વ ચુકાદામાં શહેરોમાં ભાજપનો દબદબો યથાવત રાખ્યો હતો. જ્યારે ખાસ કરીને ગામડાઓમાં ભાજપના સુપડા સાફ કરીને જિલ્લા પંચાયતની સત્તા કોંગ્રેસને સુપ્રત કરી હતી.

રાજ્યની ૬ મહાનગરપાલિકામાં અમદાવાદ શહેરને બાદ કરતા અન્ય શહેરોમાં ભાજપને ખૂબ કઠીનાઈ સાથે બહુમતિ મળી છે. પરંતુ ભાજપની બેઠકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપનું કલ્પના બહારનું ધોવાણ થયું હતું. જોકે નગરપાલિકાઓમાં મતદારોએ ભાજપની આબરુ સાચવી લીધી છે. આ ચુંટણીનું પરિણામ ૨૦૧૭ની વિધાનસભાની ચુંટણી ઉપર સીધી અસર કરે તેવુંહોવાથી ભાજપના નેતાઓ હતપ્રભ સ્થિતિમાં મુકાઈ ગયા છે. એકતરફ મહાનગરપાલિકાઓમાં વિજય મેળવવાનો ઉત્સાહ અને બીજીબાજુ ગામડાઓમાં મતદારોએ ભાજપથી મોઢું ફેરવી લીધું છે, જે આવનારી વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી ભાજપ માટે શુભ સંકેત કહી શકાય તેમ નથી. ભાજપ પણ ચુંટણી પરિણામોનું વિશ્લેષણ અને સમીક્ષા કરી ક્યાં શું કચાસ રહી ગઈ તેને દૂર કરવા નવી રણનીતિ તૈયાર કરશે અને મતદારોમાં ફરી ભાજપ પ્રત્યે વિશ્વાસ સંપાદન થાય તેવી અનેકવિધ યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે, તેવા સંકેતો મળી રહ્યા છે.

### હાશકારો લીધો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં મોટી સંખ્યામાં રાજ્યના કર્મચારીઓએ જીણવટભરી સાવચેતી રાખી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરાવ્યું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મતદાન પછી આજે જુદા જુદા જિલ્લાના મથકો પર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મહાનગર પાલિકાની બેઠકો માટેની મતગણતરી આજે હાથ ધરવામાં આવી હતી. જેમાં લાંબા સમય બાદ કોંગ્રેસના વનવાસ પૂર્ણ થતા ૨૦ જિલ્લા પંચાયતો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે. જ્યારે ભાજપે શહેરી વિસ્તારમાં ૬ મહાનગરપાલિકાઓ કબજે કરી મન મનાવી લેવુ પડ્યું હતું. બન્ને પક્ષોમાંથી સત્તાધારી ભાજપને એક જોતા નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

આમ છેલ્લા ઘણા દિવસોથી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન કરાવવા મથી રહેલા કર્મચારીઓ અધિકારીઓ સહિત સુરક્ષા વ્યવસ્થા માટે ખડેપગે ફરજ અદા કરતા પોલીસ તંત્રએ આજે હાંસકારો લીધો હતો. ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ હવે ચૂંટણીનો થાક ઉતારવાના મુડમાં દેખાઈ રહ્યા છે. તો કેટલાક અધિકારીઓ બાતલ ગયેલા દિવાળી વેકેશનને પુનઃ માણવા લાંબી રજાઓ ગાળવાના ટુર પ્લાન કરી રહ્યા છે. જેના માટે બુકીંગો પણ તેજ બની રહ્યા છે.

આમ શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થતા સામાન્ય જનતા પણ હળવાસના વાતાવરણમાં આવી ગઈ છે.

### નોટાનો કમાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમરાજીના મુવાડા એ દહેગામમાં નવી બનેલી બેઠક છે.

બિલોદરાની બેઠક પર પણ નોટાને લઈ પરિણામ બદલાયુ. જેમાં કોંગ્રેસના કીર્તિબેન પટેલે ૩૫૧ મતે ભાજપના મિનાક્ષીબેન પટેલને પરાજય આપ્યો. પરંતુ ૪૭૯ મતદારોએ નોટાનો ઉપયોગ કરતાં પરિણામ બદલાઈ ગયું.

આ ચૂંટણીમાં એક નોંધનીય બાબત એ પણ રહી કે છાલા બેઠક પર નોંધાયેલા સર્વિસ વોટર્સ પૈકી પાંચ વોટર્સે પણ તમામ ઉમેદવારોને આ ચૂંટણીમાં નકાર્યા હતા. સર્વિસ વોટર્સમાં સૌથી વધુ મત ઉવારસદની બેઠક પર કોંગ્રેસના નરેશકુમાર ઠાકોરે ૯૦ મત મેળવ્યા છે. તો ભાજપના મહોતજી ઠાકોર ૭૩ મત મેળવ્યા હતા. આજ બેઠક પર ૧ મતદારે ઉમેદવારોને નકાર્યા હતા.

### સાથે સાથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- ગાંધીનગરની સાત બેઠકો પરથી પણ પક્ષપલ્ટો કરનારા ઉમેદવારોએ કારમી હાર સહન કરવાનો વારો આવ્યો હતો.
- ગાંધીનગર ૯ બેઠકોની ગણતરી દરમિયાન છાલા બેઠક પર નાટામાં સૌથી વધુ ૫૬૦ જેટલા મતો પડયા હતા.
- ઝુંડાલ બેઠક પર અપક્ષ ઉમેદવાર ગીરીશભાઈ પશાભાઈ પરમારે કુલ ૨૧૬૦ મત મેળવી બેઠકના પરિણામમાં નિર્ણાયક બન્યા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.
- પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસના સમર્થકો ગેલમાં આવતા એક પછી એક વિજેતા ઉમેદવારને વધાવતા જોવા મળ્યા હતા.
- સે-૧૫ કોલેજમાં સાયન્સના વિદ્યાર્થીઓ માટે પ્રેકટીકલ પરિક્ષાનુ આયોજન કરવામાં આવતા કેટલાક વિદ્યાર્થીઓ ગોથે ચઢયા હતા.

### કોંગ્રેસનો સપાટો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોલંકીએ ૫૩૮૦ મતે વિજય મેળવ્યો હતો. આ પછી કુડાસણ બેઠક પર બેચરજી ઠાકોરે ૪૧૫૨ મતે વિજય તો કોલવડાની બેઠક પર સોનલબેન પટેલે ૪૦૨૦ મતે વિજય મેળવ્યો હતો.

જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ છોડી જનારા તમામનો પરાજય થયો છે. જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે ભવ્ય વિજય મેળવી અને રાજ્યમાં જેની સરકાર હોય તેની વિરૂદ્ધની પંચાયતની પરંપરા જાળવી રાખી છે.

આ ચૂંટણીમાં મતદારોએ દાખવેલા મિજાજનું વિશ્લેષણ કરતાં એક વિશેષજ્ઞે કહ્યું હતું કે જિલ્લામાં પાંચ ટકાથી વધુ ભાજપના મતોનું કોંગ્રેસ તરફ ઢળવુ તેમજ ભાજપની નબળી નેતાગીરી અને આંતરિક કલહને કારણે કારમો પરાજય થયો છે.

જિલ્લા પંચાયતના આ ચૂંટણી જંગમાં ભાજપે તેને ૨૦૧૦માં મળેલી બેઠક કરતાં પણ ઓછી બેઠક મેળવી છે. વિસર્જીત પંચાયતમાં ભાજપના ૯ સભ્યો હતા, જ્યારે નવી પંચાયતમાં માત્ર પાંચ સભ્યો છે.

### કમળ પુનઃ ખીલ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૪ બેઠકો ભાજપે જીતી હતી. કોંગ્રેસને ૧૪ બેઠક મળી હતી. રાજકોટમાં ૭૨ પૈકી ૩૮ બેઠક ભાજપે જીતી હતી. જ્યારે કોંગ્રેસે ૩૪ બેઠકો જીતી હતી. આ ઉપરાંત જામનગરમાં ૬૪ પૈકી ભાજપે ૩૮ બેઠકો પર સપાટો બોલાવ્યો હતો. એકંદરે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં ભાજપની શાનદાર જીત થઈ હતી. વડોદરામાં ૨૨૭, સુરતમાં ૪૩૫, રાજકોટમાં ૨૪૬, ભાવનગરમાં ૧૪૭, જામનગરમાં ૨૧૩ ઉમેદવારના ભાવિનો ફેંસલો થયો હતો.

### જમાવટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના કેટલીક જગ્યાએ સુપડા સાફ થઈ ગયા હતા. શાસન વિરોધી પરિબળ અને પટેલ પાવરની અસર સ્પષ્ટપણે દેખાઈ હતી. જિલ્લા અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો ભવ્ય દેખાવ રહેતા કોંગ્રેસની છાવણીમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ૨૯મી નવેમ્બરના દિવસે યોજાયેલા મતદાન બાદથી ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી હતી. આજે ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતની યોજાયા બાદ મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. મત ગણતરી કેન્દ્રો ઉપર તમામ સુવિધા ગોઠવી દેવામાં આવી હતી. અધિકારીઓને પણ તૈયાર કરી લેવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે, નગરપાલિકામાં ૫૬.૮૯ ટકા, જિલ્લા પંચાયતમાં ૫૮.૦૨ ટકા અને તાલુકા પંચાયતમાં ૫૯.૪૧ ટકા જેટલું ઊંચુ મતદાન થયું હતુ. મોટાભાગે ભાજપનું વર્ષ ૨૦૧૦માં વર્ચસ્વ રહ્યું હતું. પરંતુ આ વખતે પાટીદાર સમુદાયના આંદોલન અને શાસનવિરોધી પરિબળ જેવા પરિબળોના પરિણામ સ્વરૂપે ભાજપને મોટો ફટકો પડે તેમ પહેલાથી જ માનવામાં આવી રહ્યુ હતુ. બીજીબાજુ કોંગ્રેસે આ વખતે તમામ તાકાત લગાવીને પાટીદાર સમુદાયને પોતાની તરફેણમાં કરવા માટે જિલ્લા અને તાલુકા પંચાયતમાં તમામ પ્રયાસ કર્યા હતા. ૨૯મીના દિવસે મતદાન બાદ ૩૧ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૯૮૮ બેઠકો માટે મેદાનમાં રહેલા કુલ ૨૪૯૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જ્યારે ૨૩૦ તાલુકા પંચાયતમાં રહેલી ૪૭૭૮ બેઠકો માટે મેદાનમાં રહેલા ૧૧૬૩૫ ઉમેદવારોના ભાવિ પણ સીલ થઈ ગયા હતા.

**ચિલ્ડ્રન યુનિવર્સિટી**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર

**જાહેર નિવિદા**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું માસિક સામયિક 'બાળવિશ્વ'ના પ્રિન્ટીંગ કામ માટે આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતી પાર્ટીઓ પાસે તા. ૧૫/૧૨/૨૦૧૫ સાંજે ૧૬.૦૦ કલાક સુધીમાં સીલબંધ ટેન્ડર રૂબરૂમાં મંગાવવામાં આવે છે. અને ટેન્ડર આપ્યા બદલ પહોંચ મેળવી લેવાની રહેશે. આ સિવાય અન્ય રીતે મોકલેલ ટેન્ડરો રદ ગણાશે. વધુ વિગતો www.cugujarat.ac.in ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેશો.

તા. ૩/૧૨/૨૦૧૫ કાર્યકારી કુલસચિવ
માહિતી/૧૮૯૦/૧૫-૧૬

**ટેન્ડર નોટીસ**

**નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી**
બ્લોક નં. ૮, ચોથો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૧

**કચેરી સુવિધા વ્યવસ્તાપનની સુવિધાઓ પુરી પાડવા અંગે**

સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી, બ્લોક નં. ૮, ચોથો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર હસ્તકની સરકારી લેખન સામગ્રી ભંડાર, સરકારી મધ્યસ્થ પ્રેસ સંકુલ, ઘ-૭, સેક્ટર નં. ૨૯, ગાંધીનગર સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી ગાંધીનગર ખાતે સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણી તથા ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્ર કામગીરીન 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પુરી પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ટેન્ડર પૂર્વે લાયકાત અને ભાવપત્રકના ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં ટેન્ડર તા. ૨૩/૧૨/૨૦૧૫ (બુધવાર) બપોરના ૧૪.૦૦ કલાક સુધીમાં સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી, બ્લોક નં. ૮, ચોથો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે રૂબરૂમાં મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, બ્લોક નં. ૮, ચોથો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન બીજો અને ચોથો શનિવાર તથા તમામ રવિવાર અને જાહેર જાહેર રજાઓ સિવાય રૂ. ૫૦૦/- રોકડેથી લેખિતમાં અરજી કરવાથી તા. ૨૩/૧૨/૨૦૧૫ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં મળી શકશે.

સહી/-
નિયામક
માહિતી/૧૮૮૯/૧૫-૧૬ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર